**ખાણદાણ સહાય યોજનાના ભાવ નિર્ધારણ માટે સમિતિની રચના કરવા બાબત.**

ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક.............................
30 JAN 2020
શાખા...0633...........................

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૯/૧૫૯૬/પી.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૯/૦૧/૨૦૨૦

**વંચાણે લીધા:-**

૧. પશુપાલન નિયામક કચેરીનો પત્ર ક્રમાંક:જાનં/ડેરી/ટે-૧/ખાણદાણ/૧૫૮૨-૮૪/૧૯ તા.૨૩/૦૯/૨૦૧૯.

૨. પશુપાલન નિયામક કચેરીનો પત્ર ક્રમાંક : જાનં/ડેરી/ટે-૧/ખાણદાણ/૧૭૨૦-૨૧/૧૯ તા.૦૫/૧૧/૨૦૧૯.

૩. પશુપાલન નિયામક કચેરીનો પત્ર ક્રમાંક : જાનં/ડેરી/ટે-૧/ખાણદાણ/૧૯૯૧-૯૨/૧૯ તા.૧૧/૧૨/૨૦૧૯.

**ઠરાવ:-**

રાજ્યના સામાન્ય/અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ વિસ્તારના પશુપાલકો માટેની ડેરી વિષયક સહાયકારી યોજનાના પ્રોત્સાહક ઘટક વ્યક્તિલક્ષી સહાય ગાભણ પશુઓને ખાણદાણ સહાયની યોજના અમલમાં છે.

ઉપર વંચાણે લીધેલ (૧) થી (૩) હેઠળના પત્રોથી રાજ્યના સામાન્ય/અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ વિસ્તારના પશુપાલકો માટેની ડેરી વિષયક સહાયકારી યોજનાના પ્રોત્સાહક ઘટક વ્યક્તિલક્ષી સહાય ગાભણ પશુઓને ખાણદાણ(BIS-TYPE 2 સ્પેશિફિકેશન પ્રમાણે) સહાય યોજનાના ભાવ નિર્ધારણ માટેની પ્રક્રિયા વધૂ વ્યવસ્થિત થાય તે માટે ખાણદાણ સહાય યોજનાના ભાવ નિર્ધારણ માટે સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગાભણ પશુઓને ખાણદાણ(BIS-TYPE 2 સ્પેશિફિકેશન પ્રમાણે) સહાય યોજનાના ભાવ નિર્ધારણ માટેની પ્રક્રિયા વધૂ વ્યવસ્થિત થાય તે માટે ખાણદાણ સહાય યોજનાના ભાવ નિર્ધારણ માટેની નીચે મુજબની સમિતિની આથી રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | માન.મંત્રીશ્રી(પશુપાલન) | અધ્યક્ષ |
| ૨. | માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન) | ઉપાધ્યક્ષ |
| ૩. | સચિવશ્રી(પશુપાલન) | સભ્ય |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(પ.પા)ની તા.૨૩/૦૧/ ૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

(વી.પી.ચાવડા)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પશુપાલન)નાઅંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી પશુપાલનની કચેરી, કૃષિભવન, ગાંધીનગર
- જી.સી.એમ.એમ.એફ.,અમુલ ડેરી રોડ, આણંદ
- સેક્શન અધિકારીશ્રી(આઈ.ટી.સેલ), કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ
- પસંદગી ફાઇલ.